ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## આપણી સમજણ ને કેળવો

જગતની દરેક વસ્તુ બદલાતી રહે છે. આપણે સૌ તે જાણીએ છીએ અને અનુભવીએ છીએ. આ બાબતમાં ચંદ્ર આપણા માટે એક ઉપયોગી દાખલો છે. ચંદ્રને દરરોજ આપણે બદલાતો જોઇએ છીએ અને જયારે તે વધતો નથી ત્યારે તે ઘટે છે. એ જ રીતે માણસ જયારે પોતાની જાતમાં કશુંક ઉમેરતો નથી ત્યારે આપોઆપ જ તેમાં ઘટાડો થવા લાગે છે. પરિવર્તનની પ્રક્રિયા તો સતત ચાલુ જ રહે છે. એટલે જયારે કોઇ માણસ પોતાની જાતમાં કશુંક સારું પરિવર્તન લાવવા પ્રયત્ન કરતો નથી કે સુધરતો નથી ત્યારે તે સડવા માંડે છે. જાગ્રત માણસે પોતાની જાતને હરહંમેશ સંવારવી જોઇએ.

જે સતત બદલાઇ શકે છે તે જ સારી રીતે જીવી શકે છે, પરંતુ એ પ્રક્રિયામાં આગળ કહ્યું તેમ પોતાનું 'પોત' જળવાઇ રહેવું જોઇએ. તમે અમુક પ્રકારના છો, માટે જ તમે 'તમે' છો. તમે સારા થવાની કોશિશ જરૂર કરજો, પણ 'તમે' મટી જવાની કોશિશ કયારેય ન કરશો. તમે જેવા છો તેવા રહીને ઉત્તમ બનો. બીજાની નકલ કરવાની તમારે જરૂર નથી.

સારા પરિવર્તન માટે સારા વિચારો એ પ્રથમ જરૂરિયાત છે. સારા વિચારો દૃઢ થાય છે, ત્યારે તેમાંથી દૃઢ ઇચ્છાનો જન્મ થાય છે અને એવી ઇચ્છા ઇચ્છાશકિત બનીને અસાધારણ પરિણામો નિપજાવી શકે છે.

ઝુલ કઅદહ ૧૪૪૬ મે - ૨૦૨૫ તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org www.vohratimes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com vohrasamachar@yahoo.com

જઝાકુમુલ્લાહ

# અમેરીકાથી જનાબ મોહંમદભાઇ પટેલ સાહેબ એન્ડ ફેમિલી તરફથી સોસાયટીને રૂા. ૩૭,૦૪,૦૨૦/- નું મળેલ કિંમતી દાન

સોસાયટીના હિતેચ્છુ, હમદર્દ અને દાનવીર **જનાબ મોહંમદભાઇ પટેલ સાહેબ** તથા **એમની ફેમિલી** તરફથી છેલ્લાં ઘણા વર્ષોથી સોસાયટીને દાન આપી મદદરૂપ થઇ રહયા છે. ચાલુ વરસે પણ **રૂા. ૩૭,૦૪,૦૨૦/-** નું કિંમતી દાન સોસાયટીને આપ્યું છે. **જઝાકુમુલ્લાહ.**

**અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતથી દુઆ કરીએ કે માબુદે કરીમ જનાબ મોહંમદભાઇ તથા એમની ફેમિલીની ખૈરાતને કબૂલ ફરમાવી એનો બહેતરીન બદલો બન્ને જહાંનમાં અતા ફરમાવે. આમીન.**

## કેનેડાથી મળેલ રૂા.૨ લાખનું દાન

**મૌલાના ઇબ્રાહીમ જીભાઇ સા. કેનેડા તરફથી રૂા.૧,૦૦,૦૦૦/-** સોસાયટીના બેવાફંડમાં તેમજ **રૂા.૧,૦૦,૦૦૦/-** હાયર એજયુકેશનફંડમાં મળી કુલ **રૂા.૨,૦૦,૦૦૦/-** મૌ.ઐયુબ નુરગત સા.વસરાવી હસ્તે મળ્યા છે. **જઝાકુમુલ્લાહ.**

## બર્મીંગહામ-યુ.કે.થી જનાબ અ.અઝીઝભાઇ ઉનીયા સાહેબ હસ્તે સોસાયટીને મળેલા ૬૭૬૦ પાઉન્ડ

આપણી સોસાયટી તથા કૌમના હિતેચ્છુ **જનાબ અ.અઝીઝભાઇ ઉનીયા સા.** એ રમઝાન ૨૦૨૫ ચંદાના **૬૭૬૦ પાઉન્ડ** ઉઘરાવી સોસાયટીના વોલસોલ-યુ.કે. ના બેંક ખાતામાં જમાં કર્યા છે. **જઝાકુમુલ્લાહ.**

## એલ.એ.થી સોસાયટીના બેવાફંડમાં મળેલા રૂા. ૮,૧૨,૨૪૫/-

આપણી સોસાયટી તથા કૌમના હિતેચ્છુ **જનાબ હાજી રશીદભાઇ ઉમરજી સા.** એ રમઝાન ૨૦૨૫ ચંદાના **રૂા. ૮,૧૨,૨૪૫/-**ઉઘરાવી સોસાયટીના બેવાફંડમાં મોકલ્યા છે.**જઝાકુમુલ્લાહ.**

## બાટલી - યુ.કે. થી જનાબ મોહમદભાઇ પાંડોર સાહેબ હસ્તે સોસાયટીને મળેલા રૂા.૫,૧૨,૭૮૬/-

આપણી સોસાયટી તથા કૌમના હિતેચ્છુ **જનાબ મોહમદ ઇસ્માઇલ પાંડોર સા. જીતાલીવાળા** એ રમઝાન ૨૦૨૫ ચંદાના **રૂા.૫,૧૨,૭૮૬/-** ઉઘરાવી સોસાયટીને મોકલ્યા છે. **જઝાકુમુલ્લાહ.**

## કેનેડાથી જ. ઐયુબભાઇ પાંચભાયા સા. હસ્તે સોસાયટીને મળેલા રૂા.૩,૬૩,૦૦૦/-

આપણી સોસાયટી તથા કૌમના હિતેચ્છુઓ **જનાબ ઐયુબભાઇ પાંચભાયા સા.** તથા **જનાબ સઇદભાઇ બોધાણીયા સા.** સાથે મળીને રમઝાન ૨૦૨૫ ચંદાના **રૂા.૩,૬૩,૦૦૦/-** ઉઘરાવી સોસાયટીને મોકલ્યા છે.

- **ફાતેમા એજયુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, દીવા** તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- સોસાયટીના **ઝકાતફંડ**માં **જ. ફીરોજભાઇ મમુજી સા. હથુરણ** હસ્તે મળ્યા છે.
- **જનાબ યાકુબ ઇસ્માઇલ પટેલ સા. યુ.કે.** તરફથી રૂા. ૪૦,૦૦૦/- સોસાયટીના **ઝકાતફંડ**માં **જ. મુફ્તી ઇસ્માઇલ કારા સા. સાયણ** હસ્તે મળ્યા છે.
- **કે.પી.હુમન ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન સુરત** તરફથી રૂા. ૨૦,૦૦૦/- સોસાયટીના **સદકાફંડ**માં મળ્યા છે.

અનુસંધાન પેજ નં ૨૩ ઉપર

## B.C.A. બિલ્ડીંગ બાંધકામ માટે મળેલ મદદ

- જનાબ મોહંમદ ઇલ્યાસ અબ્દુલહૈય હાંસ સા. સીમલક તરફથી રૂા.૧,૦૦,૦૦૦/-
- ડૉ. ફાતેમા મો. ઇમ્તિયાઝ કાનુંગા સા. સુરત તરફથી રૂા. ૧૦,૦૦૦/-

**અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતથી દુઆ કરીએ કે માબુદે કરીમ ઉપરોકત સાહેબોની ખિદમતને તથા સખી દાતાઓની ખૈરાતને કબૂલ ફરમાવી એનો બહેતરીન બદલો બન્ને જહાંનમાં અતા ફરમાવે. આમીન.**

## વહોરા સમાચાર

### ■ હદીષ

તુમ્હારા દોસ્ત વહી હૈ જો તુમ્હે બુરાઇ સે રોકે,ઔર તુમ્હારા દુશ્મન વહી હૈ જો તુમ્હે ગુમરાહ કરે !

### ■ સુવિચાર

- **વર્તનથી પણ એક વાર્તા લખી શકાય છે, દરેક લખાણ માટે પેનની જરૂર નથી !**
- **આપણે કદી પણ એ વ્યકિત પર ભરોસો ન કરવો જોઇએ, જે સમય સાથે પોતાનો સ્વભાવ બદલી લે છે.**


**અંક : ૦૫**

**માસ : મે - ૨૦૨૫**

**માહે : ઝુલ કઅદહ ૧૪૪૬**

**તંત્રી : મસ્ત મંગેરા**


### ■ નેકી કી ટંકી કે સુરાખ

કભી કભી હમે એહસાસ નહીં હોતા કે હમારી થોડીસી ગફલત સે નેકીયા હમારી બરબાદ હો જાતી હે.

- ગરીબો-મીસ્કીનો પર માલ ખર્ચ કરકે એહસાન જતાકર ઉન્હે ઝલીલ કરના. (ઉન્કી તસ્વીરે વાઇરલ કરના.)
- મહેમાન કા ખુબ ઇકરામ કરકે ઉસ્કે જાને કે બાદ ઉસ્કી ગીબત (બુરાઇ) કરના.
- નમાઝ કે લીયે વુઝુ કરના ઔર વુઝુ કરતે -કરતે પાની બીગાડ કરના.
- રાત દેર તક જલ્સા-મેહફીલ-મજલીસ લગાના ઔર ફજર કી નમાઝ છોડ દેના.
- ખિદમતે ખલ્ક (ચેરીટી) કે કામ ખુબ શોર કે સાથ કરના ઔર કરીબી રીશ્તેદારો કા હક (વારસાઇ) વગૈરા ન દેના.

### ■ તંત્રી સ્થાનેથી...!

શિક્ષણ ઉત્તમ વસ્તુ છે, પરંતુ કેટલીકવાર શિક્ષણ જેવી અતિ ઉપયોગી વસ્તુ પણ માણસ માટે હાનિકારક બની શકે છે, એ એક વિચિત્રતા છે. જે લોકો શિક્ષણ મેળવે છે અને એ શિક્ષણ જ જેમના માટે એક મર્યાદા બની જાય છે, જેઓ અભ્યાસ કરે છે અને પછી એ અભ્યાસના કોશેટામાં જ કેદ થઇ જાય છે. જેઓ ડિગ્રીઓ, ઉપાધિઓ, પારિતોષિકો પ્રાપ્ત કરે છે અને એના ચક્રમાં જ રચ્યા કરે છે તેમની કમનસીબીનો પાર નથી હોતો.

જ્ઞાન અને અજ્ઞાન, જાણવું અને નહિં જાણવું, એ એટલું તો અટપટું હોય છે કે ઘણીવાર જ્ઞાનમાં જ અજ્ઞાન અને અજ્ઞાનમાં જ જ્ઞાનની શરૂઆત છુપાયેલી હોય છે. જયારે કોઇ માણસ ખાતરીપૂર્વક અમૂક વસ્તુ જાણવાનો દાવો કરે છે ત્યારે તે જડ બની જાય છે.

જ્ઞાન એટલું તો અગાધ અને અનંત છે કે, ન્યુટન જેવા માણસને પણ લાગ્યું હતું કે તેની પોતાની સ્થિતિ તો માત્ર જ્ઞાનનાં વિશાળ મહાસાગરના કાંઠે પાંચીકા વીણતા બાળક જેવી જ હતી. જ્ઞાનનો પાયો નમ્રતામાં છે અને અજ્ઞાનનો પાયો મિથ્યા ગર્વમાં છે. છતાં વિચિત્રતા એ છે કે, લગભગ બધાં જ ક્ષેત્રોમાં એવી વ્યકિતઓ જ તમને ટોચના સ્થાનો સર કરીને બેઠેલી દેખાય છે.

એવા પણ માણસો હોય છે જેઓ એંશી વર્ષની ઉંમરે પ્લેટોને વાંચતા હોય છે અને અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટ જેવાને તે જોઇને આશ્ચર્ય થાય અને તે પ્રશ્ન કરે કે, આ ઉંમરે આપ પ્લેટો વાંચો છો ? ત્યારે અમેરિકાની સર્વોચ્ચ અદાલતમાં ટોચના સ્થાને રહી ચૂકેલ તે વ્યકિત જવાબ આપે છે: હા, મારી સમજદારી વધારવા માટે હું પ્લેટો વાંચું છું.

▪ મસ્ત મંગેરા (કાંગવઈ)


**E-mail : mastamangerakangwai@yahoo.com**
**Mob : 9426771991**



તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઇબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઇન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

## નેકી, તારાં નવલખ રૂપ

- મુસાજી દીપક બારડોલીકર

સિકંદરને લોકોએ પૂછયું, પૂર્વ અને પશ્ચિમના દેશો તેં શી રીતે લીધા? જોકે પહેલાંના શાહો ખજાના, વય અને લશ્કરની બાબતમાં તારાથી ચઢિયાતા હતા, પણ આટલી મોટી ફતેહ તેમને પણ નસીબ થઇ ન હતી!

સિકંદરે કહ્યું, કારણ આ છે કે જે દેશો જીત્યા ત્યાંની પ્રજાને મેં કયારેય રંજાડી નથી, જૂની ઉમદા રસમને રદ કરી નથી અને ભૂતપૂર્વ શાહોની હંમેશાં પ્રશંસા કરી છે.

નવશેરવાન આદિલનો કિસ્સો છે. એક સમયે તે શિકારગાહમાં હતો. ત્યાં કબાબ બનાવવા માટે જોયું તો નમક ન હતું. નવશેરવાને ગુલામને કહ્યું, ગામમાં જઇને નમક લઇ આવ. પણ કિંમત ચૂકવીને નમક લેજે, નહિતર ગામ ઊજડી જશે.

ગુલામને ઘણું આશ્ચર્ય થયું. તેણે પૂછયું, હજૂર, થોડુંક નમક મફત લેવાથી ગામ શી રીતે ઊજડી શકે છે?

નવશેરવાને કહ્યું, ચપટીક નમક પણ મફત લેવાથી ગામ ઉપર એની વિપરીત અસર પડી શકે છે. આ ભૂલવું નહીં જોઇએ કે દુનિયામાં પહેલાં જુલમ બહુ ઓછો કરાતો હતો. પણ પછી જે સત્તાધિકારી આવ્યા તે જુલમમાં વધારો કરતા ગયા અને હવે તમે જુઓ કે જુલમ કયાંથી કયાં પહોંચી ગયો છે. અગર બાદશાહ રૈયતના બાગમાંથી એક સફરજન તોડીને ખાઇ લે તો તેનું લશ્કર આખા બાગનો સફાયો કરી નાખે અને અગર સુલ્તાન એક ઇંડુ મફતમાં ખાઇ લે તો તેનું લશ્કર ઇંડાં નહીં, હજારો મરઘાં ચાંઉ કરી જાય!

હલબના બજારમાં એક દરવેશ સાદ પાડી રહ્યો હતો, ઓ શ્રીમંતો! અગર તમને ઇન્સાફ અને અમને સંતોષની આદત હોત તો માગવાની પ્રથા જ મટી ગઇ હોત. (ગુલિસ્તાને-સઅદી)

### ન્યાયનો નિશ્ચય

નબી કરીમ હઝરત મુહમ્મદ (સ.અ.વ.) હજી સગીર વયના હતા તે સમયની આ ઘટના છે. યમનના એક વેપારીએ મક્કાના સહમ કબીલાના એક જાણીતા શખ્સને કેટલોક કીમતી માલ વેચ્યો હતો. માલ મેળવી લીધા પછી તે શખ્સે વાયદા પ્રમાણે પૈસા આપવાનો ઇન્કાર કરી દીધો. તેને હતું કે આ વેપારી અહીં અજાણ્યો છે અને એ મારા પર દબાણ લાવવા માટે કોઇ મદદ મેળવી શકે એમ નથી.

પરંતુ યમની વેપારી તેના માથાનો હતો. તેણે બૂ-કબીસની ટેકરીના ઢોળાવ પરથી કુરૈશ કબીલાને, ઘાંટા પાડીને અપીલ કરી કે એ વાતનો પ્રબંધ કરો કે મઝલૂમો સાથે ઇન્સાફ કરવામાં આવે.

આ અપીલ અદલપસંદ લોકો ઉપર ભારે અસર કરી ગઇ. તેઓ ભેગા થયા અને તીમ કબીલાના સરદાર અબ્દુલ્લાહ બિન જુદઆને સભા માટે પોતાનું વિશાળ મકાન ખોલી આપ્યું. આ સભામાં હાશિમ, મુત્તલિબ, ઝુહરહ, અસદ, અદી અને તીમ ખાનદાનના લોકોએ ભાગ લીધો. ફકત અબ્દે શમ્સ અને નવફલ ખાનદાનના લોકો હાજર રહયા ન હતા.

આ સભામાં ખાસી એવી ચર્ચા-વિચારણા પછી નક્કી કરવામાં આવ્યું કે જેમની સાથે અન્યાય થયો હોય એવા મઝલૂમો તથા નબળા લોકોની સહાય માટે, તેમની ફરિયાદોના નિવારણ માટે એક સંસ્થાની સ્થાપના જરૂરી છે અને પછી તે સૌ હરમે-કાબામાં ગયા. હજરે અસ્વદ પર સારું સરખું પાણી નાંખવામાં આવ્યું અને પછી એ પવિત્ર પાણી તેમણે પીધું અને જમણો હાથ

ઊંચો કરીને સોગંદ લીધા કે આજ પછી અત્યાચાર, બળજબરી તથા અન્યાયની દરેક હરકત વિરુદ્ધ તેઓ સૌ મઝલૂમની હિમાયતમાં ઊભા થઇ જશે કે જેથી અહીં ઇન્સાફનો અમલ જારી થઇ શકે.

બાદમાં યમની વેપારીનાં નાણાં પચાવી પાડનારા, સહમ કબીલાના તે લુચ્ચાલફંગા શખ્સને નાણાં ચૂકવવા માટે મજબૂર કરી દેવામાં આવ્યો હતો અને તેના ટેકામાં કોઇ કશું બોલ્યું ન હતું.

આ સંસ્થાના સ્થાપક સભ્યોમાં તીમ કબીલાના સરદાર ભેગા હાશમી કબીલાના ઝુબેર પણ એક સભ્ય હતા અને એ સભામાં તેઓ તેમના ભત્રીજા મુહમ્મદ (સ.અ.વ.) ને પણ પોતાની સાથે લઇ ગયા હતા અને વર્ષો પછી નબી કરીમે (સ.અ.વ.) એક પ્રસંગે કહયું, આવા ઉત્તમ કરાર પ્રસંગે હું, અબ્દુલ્લાહ ઇબ્ને જુદઆનના મકાનમાં હાજર હતો. હવે ઇસ્લામ પછી પણ આ કરારમાંની મારી શામિલગીરીના બદલામાં અગર કોઇ મને રાતો ઊંટ પણ આપે તો હું આ ફેરબદલી માટે રાજી થઇશ નહીં અને અગર ફરી પાછું એ માટે મને આમંત્રણ આપવામાં આવ્યું તો હું ખુશીથી એ આમંત્રણનો સ્વીકાર કરી લઇશ.

(હયાતે સરવરે કાયેનાત - સ.અ.વ.)

## ચહેરો અને ચારિત્ર્ય

હ. બરાઅ બિન આઝિબ (રદિ.) રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સ.અ.વ.) તેમની દુઆમાં આમ કહેતા હતાઃ ઓ અલ્લાહ, જે રીતે તેં મારો ચહેરો સારો-સુંદર બનાવ્યો છે એ રીતે મારા ચારિત્ર્યને પણ સુંદર બનાવી દે.

(મુકાશિફતલ-કલૂબ)

## અબૂ - તુરાબ

હઝરત અબૂ-હાઝિમ (રદિ.) થી રિવાયત છે કે એક શખ્સ હ. સુહેલ બિન સઅદ (રદિ.) પાસે આવ્યો અને કહયું : અમીરે મદીના મિમ્બર પર બેસીને હઝરત અલી (રદિ.) વિશે બૂરું બોલે છે.

હઝરત સુહેલ (રદિ.) પૂછયું, તે શું કહે છે?

તે શખ્સે કહયું, તે તેમને અબૂ-તુરાબ કહે છે.

હઝરત સુહેલ (રદિ.) હસ્યા અને કહયું, ખુદાના કસમ! તેમનું એ નામ ખુદ નબીએ કરીમે (સ.અ.વ.) રાખ્યું હતું અને એ નામ તેમને બહુ પસંદ હતું.

અને પછી હ. અબૂ હાઝિમની પૃચ્છાના ઉત્તરમાં એ નામ કયારે, કેમ રાખવામાં આવ્યું એની સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે એક દિવસે હઝરત અલી (રદિ.) ઘરમાં હ. ફાતેમા (રદિ.) પાસે ગયા. પછી ઘરમાંથી બહાર આવ્યા અને મસ્જિદમાં જઇને લેટી ગયા ત્યાર પછી નબીએ કરીમ (સ.અ.વ.) પધાર્યા અને હ. ફાતેમા (રદિ.) ને પૂછયું, તમારા કાકાના પુત્ર કયાં છે? અને હ. ફાતેમા (રદિ.) એ કહયું કે તે મસ્જિદમાં છે.

આથી નબીએ કરીમ (સ.અ.વ.) મસ્જિદમાં ગયા અને જોયું તો હ. અલી (રદિ.) જમીન પર લેટેલા હતા અને તેમની ચાદર પીઠ ઉપરથી સરકી ગઇ હતી અને તેમની પીઠ માટીથી ભરાઇ ગઇ હતી. નબી કરીમ (સ.અ.વ.) હ. અલી (રદિ.) ની પીઠ, આમ બોલતા જઇને સાફ કરવા લાગ્યા - ઓ અબૂ-તૂરાબ! ચાલો ઊઠો! આપે (સ.અ.વ.) આમ બે વાર ફરમાવ્યું હતું.

(બુખારી શરીફ)

મતલબ કે હઝરત અલી (રદિ.) ને અબૂ-તુરાબનો લકબ નબી કરીમે (સ.અ.વ.) મસ્જિદે નબવીમાં આપ્યો હતો. અબૂ-તુરાબનો અર્થ માટી યા જમીનનો પિતા થાય છે.

(મૌ. મુહમ્મદઅલી નકશબંદી) (ક્રમશઃ)

## આધ્યાત્મિક સફર

**ઉર્દૂ લેખક: મૌ.ઇફતિખારઅહમદ કાસિમી સમસ્તીપૂરી**

**અનુવાદક : યુસુફખાન પઠાણ (ગુંજાવાળા)**

અલ્લાહુ અકબર ! હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ કેટલી સુંદર રીતે આત્મા સાથેના સંઘર્ષને જિહાદે અકબર સાથે સરખાવ્યો છે, કેમ કે આત્મા સાથે સંઘર્ષ કરીને (જો) તેને હરાવી દીધો, તેને કાબૂમાં કરી લીધો પછી તો ઝઆઘડાનું મૂળ જ નાશ પામશે અને બધી જ જાતની ભલાઇઓનું નિર્માણ થશે, કેમ કે મનનું પ્રભુત્વ જ દરેક બુરાઇના ઉદ્દભવનું મૂળ છે અને એની હાર દરેક ભલાઇનું ઝરણું છે. ખરેખર, આપણો ખરો દુશ્મન તો આપણો પોતાનો આત્મા - આપણું પોતાનું મન જ છે, તેની સાથે સંઘર્ષ કરવામાં અને તેને હરાવવામાં જ આપણી જીત અને સાચી સફળતા છે.

**ન હન્ગ ન અઝદહા ન શેર નર મારા તો કયા મારા,**
**બડે મુઝીકો મારા નફસે અમ્મારહકો ગર મારા.**

મનને મારવો એટલે આપણા મનમાંથી નાજાઇઝ ઇચ્છાઓ (અવૈધ ઇચ્છાઓ)- એષણાઓ અને નકામી મહેચ્છાઓ નષ્ટ થઇ જાય અને આપણા વાણી અને વર્તન બુદ્ધિને અનુસરે તથા શરીઅતના જ્ઞાનને તાબે થઇ જાય. કહેવાનું તાત્પર્ય એ છે કે આપણો 'અહમ - હું પદ' મરી જાય (ઘમંડનો નાશ થાય) અને અંતઃકરણ જાગૃત થઇ જાય. આત્મા મરી જાય અને દિલ જીવંત થઇ જાય કે જેથી દિલ (હૃદય) અને આત્મા અલ્લાહના નૂરથી પ્રકાશવંત બની જાય, જાણે કે આત્માને ડહાપણ અને શરીઅતની લગામ લગાવી દેવામાં આવે - આત્માને કેદ કરી લેવામાં આવે, આત્માને જીતી લે અને જે પોતાના મન ઉપર વિજય મળેવી લે છે તે બીજાના દિલોને પણ જીતી શકે છે અને બીજાના દિલ જીતી લે તે જ સાચો વિશ્વવિજેતા છે.

કેટલી આશ્ચર્યજનક વાત છે કે આપણે પોતાના મન ઉપર તો કાબૂ મેળવી શકતા નથી અને આખા વિશ્વને જીતવાની વાત કરીએ છીએ. આપણને આપણા મન (આત્મા) ઉપર તો કાબૂ અને અધિકાર નથી અને આપણે બીજાઓ ઉપર સત્તા જમાવવાનું વિચારતા રહીએ છીએ. એક અંગ્રેજ તત્ત્વચિંતક શ્રીમાન મેન્ગર કહે છે : "જો તમે બીજાઓ ઉપર સત્તા જમાવવાની ઇચ્છા ધરાવતા હોવ તો પહેલાં પોતાને કાબૂમાં કરો."

માનવીને માનવ બનવા માટે આત્માની સુધારણા અને આત્મશુદ્ધિ (શુદ્ધિકરણ) એટલી બધી જરૂરી છે કે મોહસિને ઇન્સાનિયત (માનવતાના ઉપકારક) અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને મોકલવાના હેતુઓ પૈકીના એક મહત્ત્વના હેતુ આત્મશુદ્ધિને પણ એમાં સ્થાન આપવામાં આવ્યું છે. કુર્આને મજીદ ફરમાવે છે:

هُوَ الَّذِىْ بَعَثَ فِى الْاُمِّيّٖنَ رَسُوْلًا مِّنْهُمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ
وَ يُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ ۗ وَاِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِىْ ضَلٰلٍ مُّبِيْنٍ ۝

ભાવાનુવાદ : **"ત જ (અલ્લાહ) છ, જણ ઉમ્માઆમા એક રસૂલ સ્વંય તેમનામાંથી જ મોકલ્યો, જે તેમને તેની (અલ્લાહની) આયતો પઢી સંભળાવે છે, તેમના જીવન દુરસ્ત અને સુસજજ કરે છે અને તેમને ગ્રંથ અને હિકમત (તત્ત્વદર્શિતા) નું શિક્ષણ આપે છે, જો કે આ પહેલાં તેઓ અવળે માર્ગે હતા."** (સૂ. અલ જુમ્અહ : ૨)

(દિવ્ય કુર્આન : પેજ : ૧૩૦૭)

જો કે અરબના બદુઓ કે જેમની રગે રગમાં અજ્ઞાનતા ભરી પડી હતી, તેમનું ગુનાહિત માનસ, ડોગલાપણાવાળા મન (મુનાફિકત), દુરાચરણ અને દુઃશચારિત્ર્ય તેમની આત્મિક માંદગી માટે કારણભૂત હતા. માનવતા અને સદ્ગુણોથી જોજનો દૂર એવા લોકો જગદ્ગુરૂ (માનવતાના મહાન ગુરૂ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ની કેળવણી અને આત્મશુદ્ધિથી સુશોભિત થઇને સમગ્ર વિશ્વ ઉપર છવાઇ ગયા. તેમના કાર્યો, ચિંતાઓ, પ્રતિભા અને ચારિત્ર્ય તમામ પ્રકારના ગુનાહોથી પવિત્ર બની ગયા અને તેમનામાં ભલાઇ અને શુભેચ્છાઓનું વાવેતર થયું કે એ જ કોમ જે શિષ્ટાચાર (સભ્યતા) અને સંસ્કારિતાથી જોજનો દૂર હતી (વંચિત હતી), સદાચાર અને સભ્યતાથી બિલકુલ ખાલી હતી તે જ કોમ પોતે શિષ્ટ અને સભ્ય જ ન બની ગઇ, પરંતુ સમગ્ર વિશ્વ માટે શિષ્ટાચાર અને માનવતાની ગુરૂ અને રખેવાળ બની ગઇ, તેને ઉત્તેજન આપનાર બની ગઇ.

આત્માની સુધારણા અને પવિત્રતા એટલા બધા જરૂરી છે કે જગતગુરૂ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ

અલયહિ વ સલ્લમ પોતે પોતાના માટે ઘણી વાર આ દૂઆ કરતા રહેતા હતા:

اَللّٰهُمَّ اٰتِ نَفْسِىْ تَقْوَاهَا وَزَكِّهَا اَنْتَ خَيْرُمَنْ زَكَّاهَا اَنْتَ وَلِيُّهَا وَ مَوْلَاهَا

ભાવાનુવાદ: **"હે અલ્લાહ! મારા આત્મા (દિલ) ને પરહેઝગારી આપ (સંયમ આપ) અને તેને પવિત્ર બનાવી દે. આપ જ એની શ્રેષ્ઠ પવિત્રતા કરવાવાળા છો. આપ જ એના વલી પણ છો અને માલિક પણ છો. (વલી એવી વ્યકિત છે કે જે અલ્લાહ તઆલાની નિકટ હોય) અને સ્વામી - માલિક પણ છો."**

(નસાઇ, ઇસ્તઆઝા : ૬૫)

હઝરત ઉમર ફારૂક રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવતા હતા કે:

حَاسِبُوْا أَنْفُسَكُمْ قَبْلَ أَنْ تُحَاسَبُوْا۔

ભાવાનુવાદ : **"પોતાના નફસનો હિસાબ જાણી લો, તેની સાથે સારા - નરસાની ચર્ચા કરી લો એ પહેલાં કે તમારો હિસાબ લેવામાં આવે - તમારી પૂછપરછ કરવામાં આવે."**

કાલે કિયામતનો (હિસાબનો) દિવસ ખૂબ જ કઠિન હશે. આચરણનો - અમલનો હિસાબ થશે અને આચરણની સુધારણા આત્માની સુધારણા ઉપર નિર્ભર છે. ખરાબ મનમાંથી ખરાબ આચરણ જ નીકળશે. એટલા માટે આજે દુનિયામાં જ પોતાના આત્માનો હિસાબ જાણી લેવો એ આવતી કાલે કિયામતના દિવસે આચરણ અંગે આપવા પડવાના હિસાબ કરતાં વધારે સહેલું અને સરળ છે. હઝરત હસન (રહ.) ફરમાવે છે કે, મુઅમિન પોતાના આત્માનો ચોકીદાર હોય છે અને અલ્લાહને માટે પોતાના આત્માનો હિસાબ કરતો રહે છે. (પોતાના આત્મા ઉપર ચિંતન-મનન ફક્ત અલ્લાહને માટે કરતો રહે છે). નિ:શંક, જે લોકો આ દુનિયામાં પોતાના આત્માનો હિસાબ લેતા રહેશે (તો) કિયામતના દિવસે તેમનો લેણ-દેણનો, સારા-નરસા આચરણનો હિસાબ ખૂબ જ સરળ હશે અને જે લોકોએ દુનિયામાં પોતાના આત્માની પડપૂછ ન કરી અર્થાત્ સારા-નરસા કાર્યોનો હિસાબ ન કર્યો, (તો) કાલે કિયામતના દિવસે તેમનો હિસાબ ઘણો કઠિન હશે.

નફસનો હિસાબ લેવાથી અર્થાત્ સમયાંતરે એના સારા-નરસા આચરણ ઉપર ચિંતન-મનન કરવાથી આપણી ખોડ-ખાંપણો (દોષ) ઉપર ચેતવણી મળી જાય છે અને પછી તે દોષ (ખોડ-ખાંપણ) દૂર કરવાં સરળ બની જાય છે, જેથી આપણા ઉપર અલ્લાહના હક્કોનો પરિચય થાય છે- ઓળખ થાય છે અને આ આધ્યાત્મ (અલૌકિક પરિચય) આત્મશ્રદ્ધા અને પાખંડથી છૂટકારો અપાવી આદર, વિનમ્રતા અને વિનયના દ્વાર ખોલી દે છે અને આત્માથી બિલકુલ નિરાશ બનાવી દે છે અને પછી તો માનવીને - અલ્લાહના બંદાને એવા દૃઢ વિશ્વાસ થઇ જાય છે કે દરેક પ્રકારનો છૂટકારો અને બધી જ જાતની સફળતા ફક્ત અને ફક્ત અલ્લાહ (તરફથી) ની માફી અને દર ગુઝર તથા મગફિરત અલ્લાહ તઆલાની કૃપાથી જ પ્રાપ્ત થઇ શકે છે.

આત્માનો હિસાબ લેવા અર્થાત્ તેના ઉપર ચિંતન - મનનનું કામ સરળ પણ છે અને અઘરું પણ. અલ્લાહ તઆલાએ તેને શકિતશાળી પણ બનાવ્યું અને અતિશય નિર્બળ પણ. જે માનવી એક વખત તેની સાથે હરિફાઇમાં આવી જાય છે, દૃઢતાપૂર્વક તેનો વિરોધ કરે છે એટલે કે તેનો સામનો કરે છે કે ભલેને ગમે તેવી મહેનત કે તકલીફ આવી પડે, દિલ છિન્ન-ભિન્ન થઇ જાય, અરમાનો ધૂળધાણી થઇ જાય તો પણ હું મનની વાત તો નહીં જ માનું, પાપ કરીને તેને ખુશ નહી થવા દઉં, તો એવા મજબૂત મનોબળવાળા માનવી સામે આત્માનું (મનનું) કશું જ ઉપજતું નથી, તેનું જરાયે જોર ચાલતું નથી, તે નિર્બળ બની જાય છે, તેની મનેચ્છાઓ ઢીલી પડવા માંડે છે. આવી જ રીતે આત્માની (મનની) દરેક ખરાબ ઇચ્છા સામે તેની સાથે ટક્કર લે છે, (તેનો સામનો કરે છે) અને મક્કમ ઇરાદા સાથે તેની દરેક ઇચ્છાને ઠોકરે મારે છે, તેની ઇચ્છાઓને રગદોળે છે તો પહેલી વખતે મનની ઇચ્છા પૂરી ન કરવાથી જે તકલીફ પડી હતી, તે બીજી વાર એમ કરવાથી એનાથી ઓછી તકલીફ પડશે અને ત્રીજી વાર એનાથી પણ ઓછી થશે અને આમ ધીમે ધીમે એ તકલીફ બિલકુલ જતી રહેશે અને પછી તો આત્મા (મન) એને તાબે થઇ જશે. (ક્રમશ)

## શિક્ષણ મંથન

આજકાલ શિક્ષણ પણ ધંધો-વેપાર બની ગયું છે, તેથી જયારે શાળાઓમાં એડમિશનનો સમય આવે છે ત્યારે સંપૂર્ણ વ્યાપારી રાહે એડમિશન માટેની જાહેરાતો કરવામાં આવે છે, મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે અને વાલીઓને લલચાવવા માટે જાતજાતની વાતો કરવામાં આવે છે, અંગ્રેજી ભાષા અને વાતચીતની આવડત, આધુનિક સંસાધનોની ઉપલબ્ધતા, પ્રતિભાશાળી ને તાલીમબદ્ધ શિક્ષકો, કોમ્પ્યુટરથી સજજ કલાસરૂમ્સ અને ન જાણે કેટકેટલી બાબતોનો સંદર્ભ આપવામાં આવે છે, આવા જ પ્રલોભનોમાં એક **Co-Education** (સહ-શિક્ષણ) નો ઉલ્લેખ પણ એ રીતે કરવામાં આવે છે કે, જાણે મિશ્ર શિક્ષણ પણ કોઇ પ્રશંસનીય અને પ્રાથમિકતા આપવાને લાયક બાબત છે, મને લાગે છે કે આ માત્ર ઇસ્લામી દૃષ્ટિકોણથી જ નહીં, પરંતુ માનવીય અને સામાજિક દૃષ્ટિકોણથી પણ, બીમાર માનસિકતા અને ખોટી વિચારસરણીનો એક નમૂનો છે, બુરાઇના વર્ચસ્વની ચરમસીમા તો જુઓ કે, બુરાઇ એ અફસોસ અને શરમનું કારણ બનવાને બદલે, ક્ષમા ચાહવાનું કારણ બનવાને બદલે, ગૌરવ અને સન્માનનું કારણ બની જાય.

આ વાત બહુ ગંભીરતાથી વિચારવા જેવી છે કે, મિશ્ર શિક્ષણ વ્યવસ્થા કેટલી હદે સ્વીકારપાત્ર છે? મિશ્ર શિક્ષણની બાબતમાં, બે પાસાઓ નોંધપાત્ર છે, પ્રથમ, શું છોકરા-છોકરીઓ માટેનો અભ્યાસક્રમ સમાન હોવો જોઇએ કે અલગ અલગ? બીજું, શું છોકરા-છોકરીઓને એકસાથે ભણાવવા જોઇએ કે અલગ અલગ? જયાં સુધી અભ્યાસક્રમનો સંબંધ છે, ત્યાં તો ચોકકસપણે કેટલાક મુદ્દાઓ એવા છે; જે બંને વચ્ચે કોમન છે, અને તેમનો અભ્યાસક્રમ છોકરા-છોકરીઓ માટે સમાન હોઇ શકે છે, જેમ કે ભાષા અને સાહિત્ય, ઇતિહાસ,સામાન્ય જ્ઞાન, ભૂગોળ, ગણિત, સામાન્ય વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વગેરે, પરંતુ કેટલાક વિષયો અને શૈક્ષણિક ક્ષેત્રો એવા જરૂર છે; જેમાં છોકરા-છોકરીઓ વચ્ચે તફાવત કરવો જ પડે, ઉદાહરણ તરીકે, એન્જિનિયરિંગના ઘણા ક્ષેત્રો, લશ્કરી તાલીમ, ટેકનિકલ શિક્ષણ વગેરેની છોકરીઓને કોઇ જરૂર પડતી નથી, મેડીકલ શિક્ષણનો ખાસ્સો એવો ભાગ માત્ર સ્ત્રીઓ સાથે સંબંધિત છે અને તેથી જ પ્રાચીન કાળથી જ સ્ત્રીરોગ એ તબીબીશાસ્ત્રનો એક સ્વતંત્ર વિષય રહયો છે, તે કન્યાઓ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. છોકરીઓના શિક્ષણમાં ઘરગથ્થુ બાબતોની તાલીમ, સીવણ, ભરતકામ, રસોઇ, બાળ ઉછેરના સિદ્ધાંતો અને આવા અન્ય વિષયો જરૂર સામેલ હોવા જોઇએ, આનાથી ન માત્ર ઘરેલુ જીવનમાં છોકરીઓ સારી ભૂમિકા ભજવી શકે; બલ્કે, લગ્નજીવનની ખુશી, પરિવારમાં પ્રેમ મેળવવા અને મુશ્કેલ અને અણધારી પરિસ્થિતિઓમાં આત્મનિર્ભર બનવા માટે આજે પણ આ ઉત્તમ સંસાધનો ગણાય છે, આની સાથે સાથે છોકરીઓ માટે યથાસ્થિતિ મુઆશરતની રીતભાતની તાલીમ આપવી પણ ખૂબ અગત્યનું છે; કારણ કે, જો કોઇ છોકરી સારી પત્ની અને સારી મા ન બની શકે, તો સમાજને તેનાથી કોઇ ફાયદો નથી, તેથીજ અલ્લાહના રસૂલ (સ.અ.વ.) એ સ્ત્રીઓના શિક્ષણ અને તાલીમ માટે પુરૂષોથી અલગ અઠવાડિયામાં એક દિવસ નકકી કર્યો હતો. જેમાં સ્ત્રીઓ એકત્ર થતી હતી અને પયગંબર સાહેબ તેમને તેમના ક્ષેત્રને લગતી અને તેમની હાલત પ્રમાણેની સલાહ-સૂચન અને તાલીમ આપતા. (બુખારી, હદીસ નં.૧૦૧) આપ (સ.અ.વ.) એ ઇર્શાદ ફરમાવ્યું છે કે, સ્ત્રીઓનું દિલ બહેલાવવા માટેનું સૌથી સારામાં સારું કામ સૂતર કાંતણ છે. (કંઝુલ ઉમ્માલ) કારણ કે તે સમયમાં સૂતર કાંતવું એ એક ઘરગથ્થુ ઉદ્યોગ હતો અને પચાસ વર્ષ પહેલાં આપણાં ત્યાં પણ ઘણા પરિવારો તેમાંથી ગુજરાન ચલાવતા હતા.

વિચાર કરો કે કુદરતે જયારે સ્ત્રી-પુરુષ વચ્ચે બનાવટની દ્રષ્ટિએ ભિન્નતા રાખી છે, અંગોના બંધારણમાં તફાવત, રંગ અને દેખાવમાં ભિન્નતા, શારીરિક શકિતમાં તફાવત, સ્વભાવ અને રુચિમાં તફાવત અને પસંદ-નાપસંદમાં ભિન્નતા રાખી છે, આ ઉપરાંત કુદરતી રીતે જ બાળકાનો જન્મ અને તેમનો ઉછેર કરવામાં બંનેની ભૂમિકામાં તફાવત છે, તો એ કેમ કરી શકય છે કે સમાજમાં બંનેની ફરજો અને જવાબદારીઓ પણ અલગ-અલગ ન હોય અને જો જવાબદારીઓ અલગ-અલગ હોય તો બંનેનો શૈક્ષણિક અને કેળવણીનો અભ્યાસક્રમ અને વિષયો પણ અલગ-અલગ હોવા જરૂરી છે, જો આ તફાવતને ધ્યાને લેવામાં ન આવે તો, તે કોઇપણ સમાજ માટે ખૂબ જ ઘાતક અને નુકસાનકારક છે, અલ્લામા ઇકબાલને કયાં ખૂબ કહા હે:

**જિસ ઇલ્મ કી તાસીર સે ઝન હોતી હે નાઝન**
**કેહતે હે ઉસી કો અરબાબે નઝર મોત**
**બેગાના રહે દીન સે અગર મદ્રસ-એ-ઝન**
**હે ઇશ્કો મુહબ્બત કે લિયે ઇલ્મો હુનર મોત**

(અર્થાત, જે જ્ઞાનથી સ્ત્રી સ્ત્રી ન રહે, તેને બુદ્ધિજીવીઓ મોત માને છે, અને જે કન્યાશાળા દીન અને દીની ઇલ્મથી વિમુખ રહે, તેવું જ્ઞાન અને હુન્નર ખુદાની મુહબ્બત માટે મોત સમાન છે- અનુવાદ)

મહિલાઓએ પણ શિક્ષણનું એવું ક્ષેત્ર તલાશ કરવું જોઇએ જે સમાજમાં તેમની ભૂમિકા સાથે સુસંગત હોય અને શિક્ષણના એ ક્ષેત્રો જે તેમના માટે યોગ્ય ન હોય, તેમાં તેમનો પ્રવેશ કરવો વ્યર્થ છે અને ભવિષ્યમાં આ ક્ષેત્રમાં તેમની નોકરી સમાજ માટે અને ખુદ તેમના માટે ઘાતક અને હાનિકારક છે, તેથી, પવિત્ર કુર્આને એક સિદ્ધાંત બતાવ્યો છે કે, પુરુષો અને સ્ત્રીઓએ પોત-પોતાના વર્તુળમાં રહીને સંઘર્ષ કરવો જોઇએ, પોતાના વર્તુળથી હટીને બીજાના કાર્યક્ષેત્રમાં પ્રવેશવાનો પ્રયાસ ન કરવો જોઇએ, ઇર્શાદ છે:

**અલ્લાહે તમારામાંથી એકને બીજા પર જે ફઝીલત આપી છે, તે બાબતે ઇર્ષ્યા ન કરો, પુરુષોએ તેમના અમલથી જે કાંઇ કમાવ્યું છે તે મુજબ તેમનો હિસ્સો છે અને સ્ત્રીઓએ તેમના અમલથી જે કાંઇ કમાવ્યું છે, તે મુજબ તેમનો હિસ્સો છે, અને અલ્લાહ પાસે તેની કૃપા અને ફઝલ માગતા રહો, નિ:સંદેહ અલ્લાહ દરેક વસ્તુથી વાકેફ છે.** (સૂરહ નિસા:૩૨)

આ આયત ખરેખર સામાજિક જીવનની રીતભાત અને આદાબના સંબંધમાં સુવર્ણ અક્ષરે લખવાને લાયક છે, કે કુદરતે સમાજને ભિન્નતા અને વિવિધતાના આધારે રચ્યો છે, કેટલીક બાબતોમાં પુરૂષોને ઉચ્ચતા પ્રાપ્ત છે, તો કેટલીક બાબતોમાં તેઓ સ્ત્રીઓ પર નભે છે અને તેમના મોહતાજ હોય છે, કુદરતે જેને જે કાર્ય સોંપ્યું છે, તેના માટે તે જ યોગ્ય છે; કારણ કે સર્જકથી વધુ સર્જનનો સ્વભાવ, ક્ષમતા અને જરૂરિયાત વિશે કોણ વાકેફ હોઇ શકે! આ તો પશ્ચિમનો સ્વાર્થ અને ક્રૂરતા છે કે તેણે સ્ત્રીઓ પાસેથી માતૃત્વનો અધિકાર પણ વસૂલ કર્યો અને પિતૃત્વની ફરજો માં પણ તેને ભાગ લેવાની ફરજ પાડી. પુરુષ પોતાની જવાબદારીનો બોજ પણ તેના ખભા પર નાખવા માંગતો હતો, તેથી તેણે એક એવી શિક્ષણ પ્રણાલી ઘડી કાઢી, જેમાં સ્ત્રીઓને પુરૂષ બનાવવાની કાબેલીયત હોય. પયગંબર સાહેબે શું ખૂબ કહયું છે કે, ત્રણ લોકો એવા છે જેઓ જન્નતમાં પ્રવેશ કરી શકશે નહીં, આ ત્રણમાંથી એકનો ઉલ્લેખ કરતા કહયું: સ્ત્રીઓમાંથી પુરુષો, (સુનન અબી દાઉદ) કોઇ એ પૂછયું: સ્ત્રીઓમાં પુરુષો એટલે કોણ? તો આપે ફરમાવ્યું: એ સ્ત્રીઓ જે પુરુષોનું અનુકરણ કરે છે. (બુખારી, હદીસ નં: ૫૮૮૫) કદાચ શકય છે કે જે મહિલાઓ શિક્ષણ અને તાલીમમાં અને ત્યાર પછી અમલી જીવનમાં પુરુષોની હરોળમાં ઉભી રહેવા માંગે છે, તે આ હદીસનું ઉદાહરણ છે. (ક્રમશ)

## દરેક સમાજમાં વડીલોની ચુપકીદી કેટલી નુકશાનકારક......!

કોઇપણ ઘર, ઘરના વડીલોથી શોભે અને સમાજ પણ પરંતુ આજે દરેક સમાજમાં વડીલો ચૂપ થઇ ગયા છે. સફેદ રંગનું ખમીસ અને લેંઘો, સફેદ રંગનો ઝભ્ભો અને લેંઘો કે ધોતી પહેરતા અને માટે પાઘડી કે ફાળિયું સફેદ ટોપી, આંખે ચશ્મા અને હાથમાં લાકડી લઇને ગામમાં અને સમાજમાં એ લોકો આજે ચૂપ થઇ ગયા છે. ગામના ચોરે કે ઓટલે બેસીને જે ઓટલા પરિષદમાં જે તે લોકો નિર્ણય લેતા અને તેની સમાજ પર થતી અસર જાણે કે કોઇ કોર્ટનો નિર્ણય લેવાતો હોય તેવી ઉંડાણપૂર્વકની ચર્ચા કરીને સૌની વાત સાંભળીને સમાજના હિતમાં નિર્ણય તેઓ લેતા.

તેમનો સમાજ પર એટલો બધો પ્રભાવ હતો. દરેક સમાજની એક પંચાયત હતી. સામાજિક ન્યાયાલય હતું. તેમની નિષ્પક્ષતા ખૂબજ ઉંચી હતી. મોટાભાગના સમાજના નિર્ણયો આ પંચ જ લેતું અને તેને લોકો સ્વીકારતા પણ ખરા. ગામના ચોરે કે ગામના ઓટલે આ વડીલો બેઠા હોય તો ગામના યુવાનો તેમનો આદર કરતા તેમજ સ્ત્રીઓ પણ તેમની મર્યાદા રાખીને ઘૂંઘટ તાણતા એનો અર્થ એ નહીં કે સ્ત્રીઓનું સમાજમાં નીચું સ્થાન હતું પણ સમાજમાં આ વડીલોનો મોભાનો ખ્યાલ દરેક લોકો રાખતા હતા. ગામનો કોઇપણ વડીલ ગામના કોઇપણ યુવાનને ટોકતો અને રોકતો હતો.

જરૂર પડે તો ઠપકો પણ આપતા અને તેનો યુવાનો માનભેર સાંભળતા પણ હતા. જો આ વડીલો કયાંય બેઠા હોય તો ત્યાં જવું અથવા ત્યાંથી પસાર થવુ કે નહીં એ માટે કોઇપણ યુવાન વિચાર કરતો. તેઓ પણ એટલી જ મર્યાદાઓ સાથે જીવતા હતા ભલે તેઓ પાસે અક્ષરજ્ઞાન ન હતું પણ તેમની કોઠાસૂઝ એટલી કે કોઇપણ ભણેલો વ્યકિત ઉકેલ ના લાવી શકે તેવા ઉકેલ તેઓ સમાજમાં લાવતા જેને લોકો સ્વીકારતા હતા.

આજે આવા વડીલો ઘર પકડીને બેસી ગયા છે. આ સફેદ કપડામાં સ્વચ્છ પ્રતિભાશાળી વ્યકિતઓ જાણે લુપ્ત થઇ ગયા હોય તેવું લાગે છે. માથે તેમના જેટલા પાઘડીના વળ હતા તેટલા તેમની પાસે ઉકેલ હતા. તેમના ચહેરા પરની જેટલી કરચલીઓ હતી તેટલી તેમની લાયકટના પ્રમાણપત્રો હતા. તેમની પીઢતા અને ધૈર્યતા અદભુત હતી. તેમનામાં રહેલી દીર્ઘકાલીન દૃષ્ટિ અદભૂત હતી. તેમની પાસે એટલી ઉંડી સમજ હતી કે આ નિર્ણય લઇએ તો સમાજમાં લાંબાગાળે સમાજ પર શી અસર પડશે તેનો ખ્યાલ અવશ્ય આવી જતો. આજે જો સમાજના જુના રિતીરીવાજોનો જો અભ્યાસ કરવામાં આવે તો ખબર પડે કે સમાજના વડીલોએ જે કોઇ સામાજિક બંધારણ બનાવ્યું હતું તે કંઇ ખોટું ન હતું પણ આજે.... આતો ભૂતકાળ બની ગયો.

આજે તો બ્રાન્ડેડ પેઢી આવી ગઇ છે. આજે આ વાત કરીએ તો આજના યુવાનો સમજવા જ તૈયાર નથી. વડીલો સમજી ગયા છે અને સમજી વિચારીને ઘર પકડી લીધા છે.

સમાજમાં કોઇ વડીલ સક્રિય નથી. તેઓ કંઇજ કહેવા કે બોલવા તૈયાર નથી. આજના યુવાનો બેપરવા છે. તેઓ એમ સમજે છે કે સમાજના વડીલોને કંઇજ ખબર પડતી નથી પણ આજની યુવા પેઢી ભૂલી પડેલી છે.

એ વાત ખબર નથી તેમને કે ઘરડા ગાડા વાળે કોઇ પણ કહેવત એમનેમ ના આવે. કેટલીવાર તેની ટેસ્ટિંગ થાય પછી જ તારણ આવે.

આજે સમાજમાં બનતી અઘટિત ઘટનાઓ શું છે ? સમાજમાં રોજબરોજ જે કંઇ નવી નવી

સમસ્યાઓ જોવા મળે છે, અને જાણે સમાજ પર કોઇ જ અંકુશ ના હોય, પરિવારો તૂટતા જાય છે, સામાજિક રિવાજો તૂટતા જાય છે, વ્યકિત પોતાને મનફાવે તે રીતે વર્તન કરી રહયો છે, સમાજમાં જોવા મળતો કુસંપ, સામાજિક કામમાં જે કોઇ અવરોધો જોવા મળે છે, સમાજમાં જે કોઇ અવ્યવસ્થા, અશાંતિ, અસંતોષ, અજંપો, અસમાનતા વ્યકિતઓમાં સ્વચ્છંદીતા જે જોવા મળે છે તેનું જો કોઇ કારણ હોય તો સમાજના વડીલોની ચુપકીદી છે. સમાજમાં આ વડીલોની અવગણના ખૂબજ ભારે પડશે.

આજે દરેક સમાજ આનો સામનો કરી રહયો છે. દરેક સમાજ છિન્નભિન્ન થઇ ગયો છે. કોઇ એક નથી. આજે સમાજને કુસંપે ભરડો લીધો છે. દરેક સમાજ અંકુશ બહાર છે. યુવાનોમાં જોવા મળતી વધુ પડતી છૂટછાટને કારણે તેઓ જાણે આઝાદ હોય તેવો તેમનું વર્તન અને વ્યવહાર જોવા મળે છે. બધી જ મર્યાદાઓ ગાયબ છે. સ્વતંત્રતાના નામે વધુ પડતું સ્વચ્છંદીપણું જોવા મળે છે.

આપણા સમાજમાં ભલે શારીરિક પુખ્ત થાય પણ માનસિક પુખ્તતા નથી હોતી. ઉંમર વધતાં જે ઠરેલપણું આવવું જોઇએ તે નથી હોતું. જયારે વ્યકિત પર સામાજિક અંકુશ ના હોય ત્યારે તે બેફામ બને છે અને સમાજને તે ખૂબજ નુકશાન કરે છે. આજની યુવા પેઢી કે જે પોતાને એડવાન્સ માને છે તે ભૂલી પડેલી છે. યુવાનોમાં જોશ હોય પણ હોશ ના હોય અને જયારે તેઓ હોશમાં આવે ત્યારે તેમનું જોશ ગાયબ હોય છે.

વડીલોના સમાજમાં થતા અવારનવાર અપમાનને કારણે તેઓ ચૂપ થઇ ગયા. તેઓ સમાજના કોઇ કામમાં માથું મારતા જ નથી.

સમાજમાં તેમને ભાગે આવતો ફંડફાળો આપીને દૂર રહે છે. કેટલાક લોકોએ તો કંટાળીને જાણે સામાજિક દુરી બનાવી હોય તેવું લાગે છે. અન્ય સમાજ સાથે સંબંધો તેઓ રાખવા માંડયા છે. સામાજિક રાજકારણથી કંટાળીને તેઓ સામાજિક સેવાથી દૂર ભાગે છે. આજે દરેક સમાજમાં આ પ્રકારની સ્થિતિનું સર્જન થયું છે. જો આવી સ્થિતિ ચાલ્યા કરશે તો સામાજિક સેવકો નહીં મળે અને જે આજે સમાજમાં માળખાકીય વ્યવસ્થા ઉભી જે વડીલોએ કરી છે તેને સાંભળવા માટે કોઇ વ્યકિતઓ નહીં મળે. જે લોકો પોતાના જીવનનો અમૂલ્ય સમય સમાજની સેવામાં આપે છે તેની કદર કરવી જોઇએ. સમય આપવો એ પૈસાના દાન કરતા વિશેષ છે. પોતાનો પારિવારિક આનંદ છોડીને મોટાભાગનો સમય સમાજ માટે આપનાર લોકો ખૂબ જ ઓછા હોય છે. જે સમાજ વડીલોના અનુભવનો ઉપયોગ કરે છે તે સમાજ અવશ્ય પ્રગતિ કરે છે.

તો આજની યુવા પેઢીએ સમાજના વડીલોની સાથે રહીને તેમને માનભેર તેમની પાસેથી ઘણુંબધું શીખવા જેવું ખરું. ભલે આજના યુવાનો પાસે ડીગ્રી કે પૈસો હશે પણ તેમની પાસે અનુભવ નથી. તેમના નિર્ણયો કયારેય પરિપકવ નથી હોતા. આજના યુવાનો માત્ર હોદ્દા અને સત્તા અને મોભા માટે તૂટી જાય છે તેઓ વડીલોની જેમ મુશ્કેલીઓ વેઠવાની તાકાત તેમનામાં નથી. અને તડકો વેઠી ના શકે. તેઓ માત્ર એ.સી. માં બેસીને હુકમ કરી શકે. ગ્રાઉન્ડ લેવલે કામ તો વડીલો જ કરે અને તેમને કરી બતાવ્યું છે. આજે જે કોઇ સમાજ અડીખમ ઉભો છે તેનું જો કોઇ કારણ હોય તો વડીલો છે.

આવો આપણે સૌ આ વડીલોને સમજાવીએ કે તેમની ચુપકીદી તોડીને સમાજને માર્ગદર્શન આપે જેથી સમાજ એક મુજબૂતી સાથે ઉભો રહે.

આજના યુવાનો સમજે તો સારું છે નહિતર વડીલોની ચુપકીદી ન્યારી છે. - **અજ્ઞાત**

**CONGRATULATIONS**



## Dr. Mumtaz Patel Elected President of RCP, London

Dr. Mumtaz Patel has been elected as the President of the prestigious Royal College of Physicians (RCP), London - a landmark achievement.

Currently serving as a Consultant Nephrologist at Manchester University NHS Foundation Trust. She is a first-generation Indo-Asian Muslim woman, born and raised in the North West of England, coming from a working-class background with no medical lineage.Dr. Patel's roots trace back to the Surat district of Gujarat, India, making her achievement a moment of pride for both the British-Asian and global medical communities. A graduateHonours, she earned her MRCP (UK) and later completed a PhD in Medicine from the University of Manchester. We extend our heartfelt congratulations to Dr. Mumtaz Patel.

## લંડન જ. ઇલ્યાસભાઇ સીદાત સા. સન્માનિત.



લંડનમાં રહેતા કવિ જ. ઇલ્યાસભાઇ સીદાત સા. ને સાહિત્ય પ્રભાત ગૃપ ધરમપુર ઇન્ડિયાએ સ્મૃતિ ભેટ આપી સન્માનિત કર્યા હતા. તેમનું સાહિત્ય અને ગામ પ્રત્યેનો પ્રેમ અહીં ઉજાગર થાય છે. ઇલ્યાસભાઇ ના માતા-પિતા બલેશ્વર જી.સુરતના છે. ગદ્ય પદ્યના વાંચન રસિયા છે. એમણે લંડનના નિવાસ સ્થાને પોતાની એક નાનકડી લાઇબ્રેરી બનાવી છે. અભિનંદન

## કેનેડા ખાતે મૌલાના ઇસ્માઇલ ઉલઘર સા. સન્માનિત



મૂળ સિલુડી અને વર્ષોથી કેનેડા સ્થાયી મૌલાના ઇસ્માઇલ ઉલઘર સા.ને કિંગ ચાર્લ્સ - કોરોનેશન મેડલથી સન્માનિત કર્યા હતા. આ સન્માન કેનેડા અથવા કેનેડીયન પ્રદેશમાં નોંધપાત્ર યોગદાન આપનાર વ્યકિતઓને અથવા વિદેશમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરનારી વ્યકિતઓને આપવામાં આવે છે. આ સન્માન બદલ અભિનંદન



**Dr Yusuf Abhi** is a professional well passionate physiotherapist and trusted assessor, who studied Bachelor of physiotherapy from India and a master's in healthcare from London. Heading forward, interestingly Yusuf has developed an interest in coins since 2014. He just started a simple and rough coin collection without any goals. Gradually this hobby turned into excessive passion and Yusuf involved more and more in-depth with this passion which led .him to become a serious and enthusiastic collector with deep interest. On begun, Yusuf started his collection with some random coins such as republic Indian coins & British Indian coins. Later, as this interest went up, he started learning regarding various sultanates history, coins and gradually started collecting Mughal sultanate & Delhi sultanate coins too as he is competent enough to understand the Persian language, over the years, Yusuf kept collecting under seniors' guidance and now he is holding an excellent collection of Mughal sultanates, Delhi sultanate and republic Indian coins too.

Later, Yusuf developed another interest in ancient manuscripts, autographs, rare books etc. This interest leads him further with deep knowledge and he holds excellent rare and authentic masterpieces of various manuscripts/ latter of nawabs, kings, rare Farman's, rare autographs and books as well. He did not just stop here, later he developed an interest in sacred Islamic relics and started learning about relics as this is a totally different subject for collection. After a few years of learning and various catalogue reviewing, he finally started collecting sacred relics as well. He holds excellent and extremely rare sacred relics as well in his collection which belong to Masjid al Nabawi and Masjid al haram. Yusuf is also active members of Royal numismatic society, member of British Museum, British library and many well-known auctions houses too throughout the India & world. Lastly, Yusuf is planning to join British Museum as researcher soon.

**Few highlights from Yusuf's collection as below:**

- Ex rare sacred relics & various kiswas [Pieces Kaba gilaf, pieces of prophet Muhammad S.A.W Rawza gilaf etc.
- Scares & rare Mughal sultanate silver coins including gold mohur's.
- Rare silver coins of Dehli sultanates & other sultanates
- Rare manuscripts, letters of Nawabs & kings
- Ancient bone carvings, figures & paintings
- Scares & rare autographs & letters of British royals' monarchs,
- cricketers, politicians, celebrities



મૂળ ડુંગરીના અને સુરત રહેતા હાજી **મોહંમદ નદીમ યાકુબ બોબાત સા.** જેઓએ પ્રાથમિક અભ્યાસ બોરડી, મહારાષ્ટ્ર ખાતે અને મુંબઇ યુનિવર્સીટીમાંથી નો અભ્યાસ પૂર્ણ કરી બિઝનેશ અર્થે બોટસ્વાનામાં સેટલ થયા. જેઓ આપણી સંસ્થાના હમદર્દ હિતેચ્છુ અને દાનવીર છે. ચાલુ વર્ષે એમના તરફથી BCA બિલ્ડીંગના રૂમ માટે રૂા. ૬ લાખ ૭૫૦ નું દાન મળ્યું છે. જઝાકુમુલ્લાહ.



સુરતના વતની સામાજીક કાર્યકર જ.ફઝલ મહેમુદ મોતાલા સા.ના ફરજંદ મોહંમદ મોઇન મોતાલા (સ્થાપક- First Front Solar Energy) ને **'Startup of the year 2025'** નું સન્માન **Business Outreach India** તરફથી મળ્યું છે. મોઇનભાઇએ છેલ્લા ૩ વર્ષથી ગુજરાતના શ્રેષ્ઠ સોલાર ડિઝાઇન કન્સલ્ટન્ટનો એવોર્ડ પણ સતત મેળવ્યો છે. તે બદલ મુબારકબાદ.

### ગોલ્ડ મેડલથી સન્માનિત



વરીયાવના વતની મર્હુમ સલીમ યાકુબ સાલેહજીની દિકરી ફાતેમાએ પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરતમાંથી એકેડેમીક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માં B.Sc (ફીઝીકસ) માં ફર્સ્ટ કલાસ ફર્સ્ટ મેળવી કોલેજમાં પ્રથમ નંબર મેળવેલ છે તે સિદ્ધી બદલ ફાતેમાને તા.૩-૩-૨૦૨૫ ના રોજ સન્માન સમારોહમાં ડૉ. શ્રીમતી હેમલતા દેસાઇ (હેડ ઓફ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, પી.ટી. સાયન્સ કોલેજ) દ્વારા ગોલ્ડ મેડલ તેમજ રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવેલ છે. આમ ફાતેમાએ ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. તે બદલ મુબારકબાદ.

### B.Sc. Nursing



આપણી સોસાયટીના સ્કોલર તડકેશ્વર ગામના વતની ફાતમા ઉમર ફારૂક ભૈડુ એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી,સુરત દ્વારા લેવાયેલ B.Sc. Nursing પરીક્ષા સંકેત પટેલ મેમોરીયલ નર્સીંગ કોલેજ, વસરાવીમાંથી ફર્સ્ટ કલાસમાં પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. તે બદલ મુબારકબાદ.

## કેટલાંક દિવસો ટોકીયો અને બેજીંગમાં

**- યુસુફઅલી મંગેરા,લંડન - યુ.કે.**

અમારા જેવા જુનવાણી માટે તો જુની આંખે નવા તમાશા જેવું લાગે છે. અને પારંપરિક જમણને જ અમો વધુ મહત્વ આપીએ છીએ.

બપોરે જમવાનું પતાવી AKIHABARA ELECTRIC TOOL ગયા. જે બહુમાળી મોટી બિલ્ડીંગમાં ઇલેક્ટ્રોનીક વસ્તુઓ જેમકે કેમેરા, ઘરગથ્થુ મશીનો, હેર ડ્રાયર, વાળને લગતા મશીનો, વેક્યુમ કલીનર્સ, ઘડીયાળો કાંડાની તેમજ એલાર્મ કલોક SEICO, CASIO, NOKLEAD DIGITAL, RETRO, GOLOZA DIGITAL, ACCTIM, BRAUN RHYTHM તેમજ લેપટોપ I PAD વિગેરે ઘણી વસ્તુઓ વાજબી ભાવે ઉપલબ્ધ છે તેમજ DUTY FREE મળી શકે છે. જાપાનમાં એક સારું પાસું કે સરકારી ટેક્ષ ફ્રી, ફોરે જ વીઝીટર માટે સ્ટોરવાળા જ કરી આપે છે.

બુધવારે સાંજે અમારા ગાઇડ અમને એક જગ્યાએ લઇ ગયા. સાંજે અંધારું થઇ રહયું હતું. ઝરમર-ઝરમર વરસાદ પણ વરસી રહયો હતો. એક કંપાઉન્ડ કરેલી ખાલી જગ્યાએ લઇ ગયા. ત્યાં નવી મસ્જીદ પ્રોજેકટનું કામ શરૂ થવાનું છે. અમે ૫ - ૧૦ મિનીટ રાહ જોઇ. નઝીર અહમદ નામના શ્રીલંકન ભાઇ જે આ સંસ્થા અને પ્રોજેકટના ઝીમ્મેદાર આવ્યા અને ૯ માળની વિશાળ મસ્જીદ બિલ્ડીંગ વિશે માહિતી આપી. આ પ્રોજેકટનો અંદાજી ખર્ચ ૧૬૦ લાખ ડોલર. અમે ત્યાં સફળતા અને બરકત અને કબુલીયતની દુઆ કરી. હાલ એક નજીકમાં જ બીજી જગ્યાએ પાંચ માળની ઇમારતમાં નમાઝ અદા કરે છે. આ મસ્જીદનું નામ અસ્સલામ ફાઉન્ડેશન મસ્જીદ, OKACHIMACHI, UENO, TOKYO છે ત્યાં ઇશા પહેલા બયાન હતું. મુફ્તી સાહબે અલ્લાહ અને એનાં રસુલુલ્લાહ (સ.અ.વ.) સાથે સંબંધ અને મોહબ્બત અને ઇબાદતમાં કવોલીટી ઉપર બયાન કર્યું અને ઇશાની નમાઝ પઢાવી. (ક્રમશ)

# દેશ-વિદેશના સમાચાર

## નવાપુર

**ઇન્તેકાલે પુરમલાલ:-** શકીનાબહેન કાસીમ બલેસરીયાનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**ઉમરાહ મુબારક:-** ઇલ્યાસભાઇ પાલાવાલા સા. ઉમરાહ કરી વતન પરત આવ્યા છે.

## કાપોદરા

**શાદી મંગણી:-** સલીમ ગુલામ પાંડોરની દુખ્તરની શાદી કઠોદરા મુકામે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** સલીમભાઇ લુલાતનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** ઐયુબભાઇ પટેલ ઝામ્બીયાથી આવ્યા છે.

**પરદેશ ગમન:-** ઇબ્રાહીમભાઇ પટેલ ફેમિલી સાથે વતનની મુલાકાત લઇ કેનેડા પરત ગયા છે.

## ઇટાળવા

**શાદી મંગણી:-** સુમૈયા ફારૂક એકલેરીયાની શાદી અમેરીકા નિવાસી મોલવી ઉસ્માન આબોવતના ફરજંદ યાહયા સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** હુઝૈફા અ.રશીદ હાફેજીને ત્યાં છોકરાનો જન્મ થયો છે નામ મોહંમદ તથા હમઝા અ.રશીદ હાફેજીને ત્યાં છોકરીનો જન્મ થયો છે નામ મૈમુના રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** સોફીયા ઇબ્રાહીમ પાંડોરનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** હાજી અ.સલામ અમેજી વતનની મુલાકાત લઇ યુ.કે.પરત ગયા છે.

**ઉમરાહ મુબારક:-** હાફેઝ શાહીદ ઇદ્રીસ પટેલ તથા ઝુલેખા યુસુફ જબ્બાર ઉમરાહ કરી વતન પરત આવ્યા છે.

**અન્ય:-** ગામની જુમ્આ મસ્જીદ શહીદ કરી નવી મસ્જીદનું તામીરી કામ શરૂ થઇ ગયું છે.

## વરીયાવ

**ઇન્તેકાલે પુરમલાલ:-** મુસા (બિલાલ) યુસુફ મપારાનો યુ.કે. ખાતે,મુસા અહમદ મામસાનો ઓસ્ટ્રેલીયા ખાતે, હાસીમ ઇકબાલ મામસાનો બર્મા ખાતે તથા ઇકબાલ દાવુદ મપારાનો ગામ

## બાટલી - યુ.કે.

**રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા**

**શાદી મંગણી:-** સાહીલ રફાકત શેખની શાદી રાઝીનાહ ઇમરાન પટેલ સાથે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** ઇસ્માઇલભાઇ મહમદ ભુલા કાલાકાછાવાળાનો ઇન્તેકાલ થયો છે તથા હફસાબહેન નવસારકા ડાભેલવાળાનો ડયુઝબરીમાં ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**ઉમરાહ મુબારક:-** લંડનથી અનીશાબહેન અબ્દુલ રેહમાન લહેર (કાજી) આલીપોરવાળા તેમના દીકરા જુનેદ સાથે ઉમરાહ કરીને આવ્યા છે.

**જઝાકુમુલ્લાહ:-** આલીપોરવાળા પાટબ્રો તરફથી બેવાફંડ માટે ૨૦૦ પાઉન્ડ ઝકાતના મળ્યા છે તથા ડયુઝબરીથી ઇબ્રાહીમ અહમદ માકડા ભોરીયાવાળા તરફથી બેવાફંડ માટે ૨૦૦ પાઉન્ડ ઝકાતના મળ્યા છે.

ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** હારૂન દાવુદ આટીયા વિદેશ સફર જઇ વતન પરત તથા ઇસ્માઇલ (ગુલફામ) અહમદ મપારા બર્માની મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન:-** ઉસ્માન મુસા (લાલુ) ભાઇમીયા,સલમા મુસા ભાઇમીયા ના દિકરી સમીના (સામી) તથા અહમદ (મુન્ના) ભાઇમીયા ના દિકરી નાહિદ અલ્તાફ ઉમરાહ કરી યુ.કે. ગયા છે. એસાસ સોયબ (છોટુભાઇ) મપારા, આમીર નાશીર મપારા,પરવેઝ ઇબ્રાહીમ (લાલુ) માયત યુ.કે. પરત તથા સુલેમાન (શોલી) કાસમ માયત ના દિકરી શહેનાઝ વતનની મુલાકાત લઇ સા.આફ્રિકા પરત ગયા છે.

## રાંદેર

**ખુશ આમદીદ (જન્મ):-** અહમદ સુલેમાન હાંસ ને ત્યાં છોકરીનો જન્મ થયો છે નામ ઇનાયા તથા મો.આસીફ સુલેમાન હાંસ ને ત્યાં છોકરીનો જન્મ થયો છે નામ ઝુવેરીયા રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** આયશાબીબી-મૌલ્વી મોહંમદ સઇદ સાબની છોકરી તે મોહંમદ યુસુફ (ગોરા) અશરફની ઔરતનો લંડન ખાતે, ખદીજાબીબી - અલી નાનાની ઔરતનો બેંગકોક ખાતે તથા માહમુદ હુશેન ઐયુબ મુરાદનો રાંદેર મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## સુરત

**અન્ય:-** મીર એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત મુહમ્મદ અહમદ (એમ.એ.) મીર સ્કૂલમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાંત મુખ્ય મહેમાનો-કારી હાફિઝ મો.ઐયુબ મદની સા., પ્રિ. મુસ્તાક કાજી સા., હાફિઝ ઇબ્રાહિમ અશરફસા., મૌલવી ઇલ્યાસ મામસા સા., મુફતી આકીબ અન્સારી સા., હાજી કાસિમ મુહમ્મદ કાકા સા., એન.અ.અઝીઝ શેખ વગેરેની ઉપસ્થિતિમાં વાર્ષિક ઇનામ વિતરણ અને ધો.૮ ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભનું આયોજન સી.એસ.મીર હોલ ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કલામે પાકની તિલાવતથી કરવામાં આવી હતી. શરૂઆતમાં મહેમનોને આવકાર આપી તેઓનો પરિચય શાળાનાં આચાર્ય મોહંમદ અશરફ સાહેબે કરાવ્યો હતો. અને પછી તમામનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. પધારેલ મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને વધુ પ્રગતિ માટે મહેનત કરવાનું પ્રેરણાદાયી વકતવ્ય આપવામાં આવ્યું હતું. ધો.૮ ના વિદાય થઇ રહેલા વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. સમગ્ર વર્ષ દરમિયાન થયેલી સહઅભ્યાસની પ્રવૃત્તિમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અને ઇનામોથી નવાજવામાં આવ્યા હતા. વાર્ષિક રમતોત્સવનાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. વર્ષ દરમિયાન જે વિદ્યાર્થીઓ ૧૦૦ ટકા હાજરી સાથે આવ્યા તેમને શાળા તરફથી ટ્રોફી, પ્રમાણપત્ર આપી

## વહોરા સમાચારના જાહેરાતના નવા દરો

જાન્યુઆરી - ૨૦૨૫ થી વહોરા સમાચાર પેપરનો GST નંબર આવી ગયો છે. જેમાં ચાલુ માસથી વહોરા સમાચાર પેપરની જાહેરાત ઉપર નીચે મુજબના દર લાગુ પડશે જે બાબત તમામ જાહેરાત આપનાર સાહેબોએ ધ્યાનમાં લેવા વિનંતી.

| સાઇઝ | જાહેરાત દર | GST | ટોટલ |
|---|---|---|---|
| આખુ પેજ | રૂા. ૨૦૦૦ | રૂા.૩૬૦ | રૂા. ૨૩૬૦ |
| અડધુ પેજ | રૂા. ૧૨૦૦ | રૂા.૨૧૬ | રૂા. ૧૪૧૬ |
| પા પેજ | રૂા. ૬૦૦ | રૂા.૧૦૮ | રૂા. ૭૦૮ |
| મીનીમમ પેજ | રૂા. ૩૦૦ | રૂા. ૫૪ | રૂા. ૩૫૪ |

**નોંધ:-** વહોરા સમાચારમાં આવતી જાહેરાત કે લેખ સાથે તંત્રી કે સંસ્થા સહમત છે એવું માનવું નહીં.કોઇ પણ સંસ્થાની જાહેરાત લેટરપેડ ઉપર તથા સહી-સિક્કા વાળી હશે તો જ છાપવા અંગે વિચારણા કરવામાં આવશે.

સન્માનિત કરવામાં આવ્યા હતા. ગત વર્ષ ૨૦૨૩-૨૪ માં ધો.૧ થી ધો. ૮ માં પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવેલ વિદ્યાર્થીને ગોલ્ડ અને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યા. ધો. ૮ નાં તમામ વિદ્યાર્થીઓને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. મેનેજીંગ ટ્રસ્ટી મવ.અરશદ મીર સાહેબે શાળાની ટૂંકમાં માહિતી આપી હતી. આચાર્ય મોહંમદ અશરફ સાહેબે સમગ્ર વર્ષ દરમિયાન થયેલી શાળાની વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના તમામ સ્ટાફગણ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે કારી હાફિઝ મો.ઐયુબ મદની સાહબની દુઆથી કાર્યક્રમનું સમાપન થયું.

## કઠોર

**શાદી મંગણી :-** અયાઝ જલાલ (ઇબ્રાહીમ ડોબા) ની શાદી મોસાલી મુકામે મારીયા માંજરા સાથે થઇ છે.

**પરદેશથી આગમન :-** ઇબ્રાહીમ મોહંમદ ડોબા, અનીશ મોહંમદ ડોબા, મુઆવીયા ઇ. હરીફ કેનેડાથી, યુસુફભાઇ હરીફ યુ.કે.થી,સુલેમાન સુરતી તથા અ.રશીદ ઉમરજી રીયુન્યનથી આવ્યા છે.

**પરદેશ ગમન :-** સલીમ ઇબ્રાહીમ સીદાત, અહમદી રાંદેરી એન્ડ ફેમિલી કેનેડા,અમીના જહાગીર દાદાભાઇ યુ.કે.,ખતીજા એમ.વાહેદ, અબ્દુલ રશીદ પારખ ફેમિલી સાથે તથા સાદેક બાદશાહ સા.આફ્રિકા ગયા છે.

**ઉમરાહ મુબારક :-** ઇકબાલ ગુલામ હુશેન અસ્માલ (નાના) ફેમિલી સાથે ઉમરાહ કરવા ગયા છે.

**અન્ય :-** કઠોર મેહફિલે રોનકુલ ઇસ્લામ ટ્રસ્ટ દ્વારા તા.૨૭-૪-૨૦૨૫ ના રોજ વિના મૂલ્યે સર્વ રોગ નિદાનનો મેગા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીવાઇન હીબા હોસ્પીટલના સહયોગથી આ પ્રોગ્રમનું સુંદર આયોજનમાં ડૉ.આસીફ રહીમ સા. તથા તેમના સ્ટાફનું સ્વાગત ફુલથી મૌ.ઇસ્માઇલ અસ્માલ સા., અશરફ રાંદેરી સા.,શબ્બીરભાઇ ડોબા સા.,ઇમરાન નાના સા.એ કર્યુ હતું. લાભ લેનાર દર્દીઓના અલ્પાહારની વ્યવસ્થા સેક્રેટરી મો.ખાલીદ અસ્માલ સા. એ કરી હતી. ગરીબ અને જરૂરીયાતમંદ દર્દીઓને દવાનો લાભ આપવા દાનવીરોને ઐયુબ ડોબા સા.એ આહવાન કર્યુ. પુરો દિવસ અમીન પટેલ અને સ્ટાફએ કુશળતા પૂર્વક જેહમત ઉઠાવી હતી. અંતે ડૉકટર અને સ્ટાફની મેહનતને ટ્રસ્ટી સમીર વાહેદ સા.,મોહંમદ હુશેન રાંદેરી સા. એ બિરદાવી હતી. સામાજીક કાર્યકર સુલેમાનભાઇ ડોબા સા. એ આભાર વિધી કરી હતી.(૨) બીજા પ્રોગ્રામમાં કઠોર મેહફિલે રોનકુલ ઇસ્લામ ટ્રસ્ટ સંચાલિત આર્યુવેદીક પધ્ધતિથી ઇલાજમાં ભરૂચના મશ્હુર ડૉ.લુકમાન સૈયદ સા.ની સેવાનો લાભ દર્દીઓની જરૂરીયાતને ધ્યાનમાં લઇ હવે મહિનામા બે ગુરૂવારે આ પ્રોગ્રમને મોટી સફળતારૂપે ૩૦૦

### વહોરા સમાચાર ગ્રાહક જોગ

